# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-11-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **રાજ્યમાં S.I.R. પ્રક્રિયા હેઠળ પરત મળેલા 81 ટકાથી વધુ ગણતરી પત્રકનું ડિજિટાઈઝેશન પૂર્ણ - આવતીકાલથી બે દિવસ તાલુકાસ્તરની શિબિર યોજાશે.**
2. **વલસાડમાં સરકારની ચિંતન શિબિરનો બીજો દિવસ - વિકસિત ભારત માટે ગુજરાતને અગ્રેસર રાખવા અંગે સામૂહિક મંથન.**
3. **કેન્દ્રીય સચિવ ટી. વી. સોમનાથને કહ્યું, ઉદ્યમીઓ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પરિસ્થિતિમાં સુધારો કરાશે.**
4. **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવા સરદાર પટેલના આદર્શ જરૂરી**
5. **રાજ્યનાં ખેલાડી કાજલ વાજાએ હરિયાણામાં રાષ્ટ્રીય શાળા સ્તરની દોડ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો**

-------------------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SIR ENUMERATION FORM

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા હેઠળ પરત મળેલા 81 ટકાથી વધુ ગણતરીપત્રકનું ડિજિટાઈઝેશન પૂર્ણ થયું છે. જ્યારે 89.61 ટકા ડિજિટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે રહ્યો છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

(V/C- PRAVESH ADIACHA)

(....રાજ્યમાં આગામી ચાર ડિસેમ્બર સુધી યોજાનારી S.I.R. પ્રક્રિયામાં અત્યાર સુધીની ગણતરી દરમિયાન 13 લાખથી વધુ અવસાન પામેલા મતદાર મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 2 લાખ 44 હજારથી વધુ મતદાર તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા. સાથે જ 16 લાખથી વધુ મતદારે કાયમી સ્થળાંતર કર્યું હોવાનું જણાયું છે. ઉપરાંત 2 લાખ જેટલા મતદાર રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. કામગીરી દરમિયાન BLOને કોઈ મુશ્કેલી હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.)

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

# SIR-OVERALL

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. માટે આવતીકાલથી બે દિવસ તમામ 182 વિધાનસભા મતવિસ્તારમાં તાલુકાસ્તરની શિબિર યોજાશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિત

શુક્લાની સૂચના મુજબ યોજાનારી આ શિબિરમાં મામલતદાર, પ્રાન્ત કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે.

ત્યારે અમદાવાદના કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારી સુજિત કુમારે ગણતરીપત્રક બુથ સ્તરના અધિકારી BLOને સોંપવા મતદારોને અનુરોધ કર્યો છે,

(BYTE –અમદાવાદ કલેક્ટર)

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ બોટાદમાં ચાલી રહેલા SIR કાર્યક્રમ અંગે કાર્યકરોને માર્ગદર્શન આપ્યું.

ડાંગમાં SIRની ઉત્કૃષ્ટ કામગીરી બદલ વિવિધ મતદાન મથકના BLOને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરાયા.

# CHINTAN SHIBIR 2ND DAY

વલસાડમાં યોજાયેલી રાજ્ય સરકારની 12-મી ચિંતન શિબિરમાં આજે વિકસિત ગુજરાત માટે ક્ષમતા નિર્માણ, પોષણ અને જાહેર આરોગ્ય, હરિત ઉર્જા અને પર્યાવરણ, જાહેર સલામતી અને સેવાક્ષેત્રમાં ગુજરાતને વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત માટે અગ્રેસર રાખવા અંગે સામૂહિક મંથન થયું. શિબિરમાં આજે સામૂહિક વિકાસની નેમ સાકાર કરતી પાંચ સામૂહિક ચર્ચા થઈ. તેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત અનેક મંત્રીઓ જોડાયા હતા.

અન્ય એક ચર્ચામાં રાજ્યમંત્રીઓ રમેશ કટારા, ત્રિકમ છાંગા અને વરિષ્ઠ અધિકારીઓએ ગુજરાતની સ્થાપનાના 75 વર્ષ ઉજવાય ત્યાં સુધીના આગામી એક દાયકામાં રાજ્યને માનવ સંશાધન વિકાસ, કાર્યદળના ક્ષમતા નિર્માણનું મંચ પૂરું પાડીને ભવિષ્યલક્ષી ટૅક્નોલૉજીથી સજ્જ માનવબળ માટેની દિશા અંગે ચિંતન કર્યું

# CABINET SECRETARY CHINTAN SHIBIR

કેન્દ્રીય સચિવ ટી. વી. સોમનાથને કહ્યું, ચૂંટાયેલા નેતાઓ અને અધિકારીઓ વચ્ચે સમન્વય રાષ્ટ્રના વિકાસ અને જાહેર વહીવટને સરળ, સુગમ અને પ્રજાકેન્દ્રી બનાવે છે. વલસાડમાં રાજ્ય સરકારની ચિંતન શિબિરમાં સહભાગી થતાં શ્રી સોમનાથને તમામને દેશના આર્થિક વિકાસ અને સરકાર દ્વારા સુશાસનની વ્યૂહરચનાઓ અંગે માર્ગદર્શન આપ્યું.

તેમણે કહ્યું, ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપના ઉદ્યમીઓને ઘણીવાર ટેક્સ વિભાગ દ્વારા બિનજરૂરી હેરાનગતિ ન થાય એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સ્તરે આ પરિસ્થિતિમાં સુધારો લાવવા નીતિગત પ્રયાસ ચાલી રહ્યા છે. ભારત વિકાસની યોગ્ય નીતિઓ, સુધારેલી શાસનવ્યવસ્થા અને ચૂંટાયેલી પાંખ તથા વહીવટી તંત્ર વચ્ચેના ગાઢ સમન્વયથી દેશ વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

# SARDAR PADYATRA

રાજ્યમાં યોજાઈ રહેલી સરદાર એટ 150 રાષ્ટ્રીય યુનિટી માર્ચ- પદયાત્રાનો આજે ત્રીજો દિવસ છે. કરમસદથી કેવડિયા સુધી યોજાનારી પદયાત્રાના પ્રથમ માર્ગમાં આણંદના આંકલાવથી વડોદરાના સિંધરોટ સુધી આજે આ પદયાત્રા યોજાઈ. કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા, એસ. પી. સર્બાનંદ સોનોવાલ અને કેન્દ્રીય રાજ્યમંત્રી અજય ટમ્ટા અંકલાવ બસમથકથી પદયાત્રામાં જોડાયા.

આ પ્રસંગે શ્રી માંડવિયાએ કહ્યું, આઝાદીના શતાબ્દી વર્ષે વિકસિત ભારતના લક્ષ્ય હાંસલ કરવા સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શ જરૂરી છે

(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

# TAPI VIKAS KARYO

તાપીમાં ધારાસભ્ય કુંવરજી હળપતિએ ગ્રામ્ય વિસ્તારના માર્ગોના નવિનીકરણ માટેના કામનું ખાતમુહૂર્ત કર્યું. સાત કરોડ રૂપિયાથી વધુના ખર્ચે સોનગઢ અને ઉકાઈ તાલુકાના મળી કુલ 10 જેટલા વિવિધ ગામના જિલ્લા પંચાયત હસ્તકના માર્ગોનું ખાતમુહૂર્ત કરાયું.

આ અંગે શ્રી હળપતિએ વધુ માહિતી આપી.

(BYTE: KUNVARJI HALPATI, MLA)

# MORBI AROGYA MANDIR

કેન્દ્ર સરકાર દ્વારા મોરબીમાં વાંકાનેર તાલુકાના આઠ આયુષ્માન આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય કક્ષાનું NQAS - રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણ પ્રમાણપત્ર અપાયું છે. વરડુસર, મહિકા, પાંચ દ્વારકા, ઢુવા બે, કોઠી, જામસર, શેખરડી અને ખેરવા મળી કુલ આઠ આયુષ્માન આરોગ્ય મંદિરમાં કેન્દ્રીય ટુકડીએ સેવાઓનું મૂલ્યાંકન કર્યું.

સાથે જ દર્દી કેન્દ્રીત સેવાઓની ઉપલબ્ધતા, કર્મચારીઓની કામગીરી અને તે અંગે જાણકારી સહિત જરૂરી તમામ માપદંડની ચકાસણી કરવામાં આવી હતી. આ ચકાસણી અનુસંધાને બંને આરોગ્ય મંદિરને આ પ્રમાણપત્ર મળ્યા છે.

# NADIAD PLAYER BRONZE MEDAL

રાજ્યનાં ખેલાડી કાજલ વાજાએ રાષ્ટ્રીય શાળાસ્તરની સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ગુજરાત રમતગમત સત્તામંડળ દ્વારા જણાવ્યા મુજબ, હરિયાણાના ભિવાનીમાં યોજાયેલી 69-મી રાષ્ટ્રીય શાળાસ્તરની રમત સ્પર્ધામાં 19 વર્ષથી ઓછી વયની ઍથ્લેટિક્સ સ્પર્ધામાં તેમણે આ સિદ્ધિ મેળવી. કાજલ વાજાએ 100 મીટર દોડમાં 12 પૂર્ણાંક 191 સૅકન્ડના પ્રદર્શન સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

નડિયાદ રાજ્ય ખેલકૂદ અકાદમીનાં તાલિમાર્થી અને જિલ્લા સ્તરની રમતગમત સંકુલ – DLSS સોમનાથનાં ભૂતપૂર્વ તાલિમાર્થી કાજલ વાજાએ નડિયાદ સહિત સમગ્ર રાજ્યનું નામ રોશન કર્યું છે.

# COMMEN WEALTH 2030

વર્ષ 2030માં અમદાવાદમાં 100મી રાષ્ટ્રમંડળ રમત યોજાશે. ત્યારે રાજ્યની મુલાકાતે આવેલા ટોકિયો ઓલિમ્પિકમાં ચંદ્રક વિજેતા ખેલાડી લવલીના બોર્ગોહેન કહ્યું, નાના ખેલાડીઓ માટે આ તક પ્રેરણારૂપ સાબિત થશે.

(BYTE- LOVLINA BORGOHAIN)

# EVE SYED MUSHTAQ ALI TROPHY

ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રોફી એલિટ સ્પર્ધામાં આજે ગુજરાત અને બેન્ગાલ ટીમ વચ્ચે મેચ રમાઈ રહી છે. હૈદરાબાદમાં રાજીવ ગાંધી આંતર-રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે રમાતી મેચમાં બેન્ગાલે ટોસ જીતી બોલિંગ પસંદ કરતા ગુજરાતે 18 ઓવર ત્રણ બોલમાં 127 રન બનાવ્યા. બેન્ગાલ ટીમ તરફથી શકિમ ચૌધરીએ ત્રણ, મોહમ્મદ શામી અને સયાન ઘોષે બે-બે, કરણ લાલ અને રિટિક ચેટરજીએ એક-એક વિકેટ લીધી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, બેન્ગાલની ટીમે 10 ઓવરમાં 3 વિકેટ ગુમાવી 80 રન બનાવ્યા છે.

# RAJKOT TRAIN CANCEL

તમિળનાડુના પમ્બન સેતુ પર પવનની ગતિ 58 કિલોમીટર પ્રતિ કલાકની નિર્ધારિત સુરક્ષા મર્યાદાથી વધુ હોવાથી કેટલીક ટ્રેનનું સંચાલન રદ કરાયું છે. તે મુજબ, આજની રામેશ્વરમ્-ઓખા એક્સપ્રેસ અને બીજી ડિસેમ્બરની ઓખા-રામેશ્વરમ્ એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.